અરજી દાખલ કર્યા તારીખ:– ૦૭/૧૧/૨૦૨૨
અરજી નોંધ્યા તારીખ :– ૦૭/૧૧/૨૦૨૨
અરજી ફેસલ કર્યા તારીખ :– ૧૭/૧૧/૨૦૨૨
અવધિ, વર્ષ – ૦૦, માસ– ૦૦ દિવસ –૧૦

**<u>ધ્રાંગધ્રાના મહે. ત્રીજા સ્પે. એડી. સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ. ધ્રાંગધ્રા</u>**

**<u>ફોજદારી પરુચુરણ અરજી નં.૪૧૪/૨૦૨૨</u>**
**<u>આંક :–</u>**

અરજદાર:– **મણીરામદાસ ગુરુ ગીરનારીબાપુ ઉર્ફે મયુરધ્વજસિંહ ચંદ્રસિંહ વાઘેલા,**
ઉ.વ.આ.૩૫, ધંધો–ખાખીબાવા (સન્યાસી),
મુળ રહે.ભાડેર, તા. ધોરાજી, જી. રાજકોટ,
હાલ રહે. આવડધામ મંદિર,ધ્રાંગધ્રા બાવળી રોડ, ધ્રાંગધ્રા, જી.સુરેન્દ્રનગર.

::– વિરુધ્ધ –::

સામાવાળા:– શ્રી સરકાર.

બાબત:–<u>ક્રિ.પો.કો.ક. ૪૩૯ અન્વયે રેગ્યુલર જામીન અરજી.</u>

અરજદાર/ આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી જે.બી.જાની.
<u>શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી પી.બી.મકવાણા.</u>

// **<u>ચુ કા દો</u>** //

**૧.** આ કામના આરોપી મણીરામદાસ ગુરુ ગીરનારીબાપુ ઉર્ફે મયુરધ્વજસિંહ ચંદ્રસિંહ વાઘેલા નાઓની ધ્રાંગધ્રા તાલુકા પો. સ્ટે. ગુન્હા રજી. નં. ૧૧૨૧૧૦૧૬૨૨૦૪૫૯/૨૦૨૨, એન.ડી.પી.એસ. ની કલમ ૮(સી), ૨૦(એ)(૧) મુજબ ના ગુનાના કામે એસ.ઓ.જી પોલીસે તા.૦૩/૧૧/૨૦૨૨ના રોજ ધરપકડ કરવામાં આવેલ અને આરોપીના દિન–૩ ના રીમાન્ડ મેળવી આરોપીને તા. ૦૭/૧૧/૨૦૨૨ ના રોજ એડી. ચીફ જયુડી. મેજી.ધ્રાંગધ્રા સમક્ષ રજુ કરતા આરોપીને જયુડીશીયલ કસ્ટડીમાં મોકલી આપેલા છે, ત્યારથી આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં ચાલી આવેલ છે, જેથી આરોપીએ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા ક્રિ.પો.કોડ કલમ ૪૩૯ અન્વયે હાલની રેગ્યુલર જામીન

અરજી દાખલ કરેલી છે.

૨. આરોપીની રેગ્યુલર જામીન અરજી અન્વયે સામાવાળા/ ફરીયાદીને સમન્સ કરતા વિધ્વાન એ.પી.પી.શ્રીપી.બી.મકવાણા હાજર થયેલ છે અને આ કેસની તપાસ કરનાર પોલીસ અમલદારની આંક–૦૬ થી એફિડેવીટ રજુ કરી આરોપીની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવા માંગણી કરેલ છે.

૩. આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી જે.બી.જાનીની તથા ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી પી.બી.મકવાણા ની વિગતવાર દલીલો સાંભળવામાં આવી.

૪. અરજદાર/ આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી જે.બી.જાની ધ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, આરોપીએ કહેવાતો કોઈ જ ગુનો કરેલો નથી, પરંતુ આરોપી તેઓની ધાર્મિક જગ્યા આવળધામ મંદિર ની બાજુમાં સરકારી ખરાબાની જગ્યા આવેલ છે તેની આજુબાજુની ખેતીની જમીન વાળા સદર જગ્યા ગેર કાયદેસર કબજે કરવા અને આરોપીને સદર જગ્યાએથી ભગાડવા પાડોશીઓ સાત વર્ષથી તજવીજ કરતા હોય જેથી આરોપી સાથે રાગદ્રેશ રાખી ખોટી રીતે હાલના ગુનામાં સંડોવી દીધેલા છે. વધુમાં આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી જે.બી.જાની ધ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, આરોપી શન્યાસી ખાખી બાવા હોય હાલના ગુનાહીત કાર્ય સાથે સંકળાયેલા નથી તેમજ મળી આવેલો ગાંજો આરોપીના કબજામાંથી મળી આવેલો નથી, પરંતુ મુદ્દામાલ ગાંજો સરકારી ખરાબાની જગ્યા અને બાજુ વાળાની વાડીના શેઢેથી મળી આવેલ છે તેમ છતા પોલીસે ખોટી રીતે આરોપીના કબજા વાળી જગ્યા દર્શાવી ખોટી રીતે અટક કરેલા છે. વધુમાં આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી જે.બી.જાની ધ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, જે મુદ્દામાલ ગાંજો ર૪ કીલો અને ૨૫૦ ગ્રામ કબજે કરેલ છે લીલા છોડ હતા જે સુકા હોત તો તે ૨૦ કીલોથી ઓછુ વજન થયુ હોત જે કોમર્શીયલ કવોન્ટીટી ગણાય નહી. વધુમાં જે મુદ્દામાલ કબજે કરેલ છે તે ખરેખર ગાંજાના છોડ છે કે અન્ય વનસ્પતિના છે તેવુ પ્રમાણ મેળવ્યા વગર હાલના આરોપીને સંડોવી દીધેલા છે. વધુમાં આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી જે.બી.જાની ધ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, આરોપી ધ્રાંગધ્રાના કાયમી વતની છે, આરોપીનો કોઈ ગુનાહીત ભુતકાળ નથી જો આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરશે નહી તેની ખાત્રી આપે છે તેવા સંજોગોમાં આરોપીને યોગ્ય શરતાને આધિન રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાની દલીલ કરેલી છે.

**૫**. ફરીયાદપક્ષે વી.એ.પી.પી.શ્રી પી.બી.મકવાણા દ્વારા એવી દલીલ કરેલ છે કે, આ કામના આરોપી સામે ધ્રાંગધ્રા તાલુકા પો. સ્ટે. ગુન્હા રજી. નં. ૧૧૨૧૧૦૧૬૨૨૦૪૫૯/૨૦૨૨, એન. ડી. પી.એસ.ની કલમ ૮(સી),૨૦(એ)(૧) મુજબના ગુનાનો આક્ષેપ છે. આ કામના આરોપી એ પોતાના કબજા ભોગવટાની જગ્યામાં ગે.કા. લીલા ગાંજાના છોડ નં.૨૭ જેનો વજન ૨૪ કીલો અને ૨૫૦ ગ્રામ ગાંજો કિ.રૂ.૨,૪૨,૫૦૦/- નો રાખી મળી આવેલા છે. આમ, હાલના આરોપીનુ એફ. આઈ. આર. માં પ્રથમથી જ નામ છે અને હાલના આરોપી વિરુધ્ધ ફરીયાદીએ નામજોગ ફરીયાદ આપેલી છે. હાલ સદર ગુનાની તપાસ ચાલુ છે. વધુમાં વી.એ.પી.પી.શ્રી પી.બી.મકવાણા દ્વારા એવી દલીલ કરેલ છે કે, આરોપી પાસેથી જે મુદ્દામાલ ગાંજો પકડાયેલ છે તે ૨૪ કીલો ઉપરાંતની કોર્મશીયલ કવોન્ટીટીમાં પકડાયેલ છે. આમ હાલના આરોપીએ પોતાના કબજા ભોગવટાની જગ્યામાં ગાંજાનુ વાવેતર કરેલ છે જો આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં આવે તો આરોપી સાધુ હોય કયાંય નાશી ભાગી જાય અને ટ્રાયલ સમયે હાજર રહેશે નહી તેવી શકયતા રહેલી છે. આમ, હાલના આરોપીએ એન.ડી.પી.એસ. એકટ અન્વયેનો ગંભીર પ્રકાર નો ગુનો આચરેલ હોય જેથી આરોપીની હાલની રેગ્યુલર જામીન ઉપર મુકત થવાની અરજી નામંજુર કરવા માંગણી કરેલી છે.

**૬**. બંને પક્ષકારોના વિ.વ.શ્રીઓને રેકર્ડ ઉપર થયેલ દલીલો તથા આ કામના તપાસ કરનાર પોલીસ અમલદારની આંક-૦૬ ની એફિડેવીટ તેમજ અન્ય પોલીસ પેપર્સની વિગતો વંચાણે લીધી. હવે, આ કામે પોલીસની તા.૦૩/૧૧/૨૦૨૨ ની એફ.આઈ.આર. લક્ષમાં લઈએ તો એફ.આઈ.આર. માં હાલના આરોપીનુ નામ દર્શાવેલ છે અને એન.ડી.પી.એસ.ના ગુનામાં મુદ્દામાલ ગાંજાના છોડ નંગ - ૨૭ જેનુ વજન ૨૪ કિલો ૨૫૦ ગ્રામ છે અને તેની કિંમત રૂા. ૨,૪૨,૫૦૦/-ના મુદામાલ સાથે પકડાયેલ છે. આમ, મુદ્દામાલ ગાંજો હાલના આરોપીનો નથી કે હાલના આરોપી આક્ષેપિત ગુનામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંડોવાયેલા નથી તેથી આરોપીના વિ.વ.શ્રી જે.બી.જાનીની દલીલ ગ્રાહય રાખવા પાત્ર નથી.

**૭**. વધુમાં આરોપીના વિ.વ.શ્રી જે.બી.જાની દ્વારા એવી દલીલ કરી છે કે, આ કામે પોલીસે કબજે લીધેલ મુદામાલ ગાંજાનો છોડ છે કે અન્ય કોઈ વનસ્પતિનો છોડ છે તે અંગે એફ.એસ.એલ.નું પ્રમાણપત્ર મેળવેલ નથી, જેથી મુદામાલની પ્યોરીટી નકકી થઈ શકે તેમ ન હોય ત્યારે આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા જોઈએ, પરંતુ આરોપી પાસેથી કબજે લીધલ મુદામાલ ગાંજાના છોડની પ્રાથમિક ચકાસણી કર્યા બાદ તે મુદામાલ ગાંજાના છોડ હોવાનું માલુમ

પડયા બાદ આરોપીની એન.ડી.પી.એસ.ના મુદામાલ સાથે ધરપકડ કરેલ છે અને પોલીસે કબજે લીધેલ મુદામાલ એન.ડી.પી.એસ.નો મુદામાલ ન હોય તો તેમજ એન.ડી.પી.એસ.ના મુદામાલની પ્યોરીટી અંગેનો બચાવ આરોપીને ટ્રાયલ દરમ્યાન મળી શકે તેમ છે પરંતુ જામીન અરજીના તબકકે મુદામાલ ગાંજાની પ્યોરીટીના આધારે આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરી શકાય નહી જેથી આરોપીના વિ.વ.શ્રી જે.બી.જાનીની દલીલ ગ્રાહય રાખવા પાત્ર નથી.

૮. આરોપીના વિ.વ.શ્રી જે.બી.જાની ધ્વારા એવી દલીલ કરેલ છે કે, હાલના આરોપી બાવાજી છે અને તેઓએ ગાંજાની ખેતી કરેલ નથી કે સરકારી ખરાબાની જમીનમાંથી મળેલ ગાંજો હાલના આરોપીની માલીકી અને કબજા ભોગવટાની જમીનમાંથી મળી આવેલ ગચાણ નથી, પરંતુ આ કામના આરોપી જે મંદિરમાં સેવા પુજા કરે છે તે મંદિરના કબજા ભોગવટાની જમીનમાંથી પોલીસે આક્ષેપિત ગુના સંદર્ભે એન.ડી.પી.એસ.નો મુદામાલ કોમર્શીયલ કવોન્ટીટીમાં જપ્ત કરેલ છે, જેથી પોલીસે જપ્ત કરેલ મુદામાલ વાળી જમીન કે જે સરકારી ખરાબાની જમીન છે તે જમીન આરોપીની માલીકી અને કબજા ભોગવટાની જમીન નથી તેથી આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાની વિ.વ.શ્રી જે.બી.જાનીની દલીલ વજુદવાળી હોવાનુ જણાતુ નથી.

૯. ફરીયાદી/સરકાર પક્ષે વિ. એ.પી.પી.શ્રી પી.બી.મકવાણા ધ્વારા એવી દલીલ કરેલ છે કે, આરોપી સામે એન.ડી.પી.એસ. એકટની કલમ ૮(સી),૨૦(એ)(૧)ના ગુનાની તપાસ ચાલુ છે તેમજ આરોપી પાસેથી કોમર્શીયલ જથ્થામાં ગાંજાનો જથ્થો પકડાયેલ છે ત્યારે આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં આવે તો આરોપી ફરીથી એન.ડી.પી.એસ.ના ગુનાનુ પુનરાર્વન કરે જેનાથી સમાજમાં યુવાનોને નશાની લતે ચડાવી યુવાધનની કારકીર્દી જોખમાય તેવી શકયતા હોવાથી આરોપી ની રેગ્યુલર જામીન અરજી નાંમજુર કરવાની વિ. એ.પી.પી.શ્રી પી.બી.મકવાણાની દલીલ કઈંક અંશે વજુદવાળી હોવાનુ જણાય છે.

**૧૦**. આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ દસ્તાવેજી પુરાવા તથા આરોપી સામેનો ગુનો તથા આક્ષેપિત ગુનામો સજાની જોગવાઈ તથા આરોપી ની આક્ષેપિત ગુનામાં મુખ્ય ભુમીકા જોતા ક્રિ. પ્રો. કોડ કલમ ૪૩૯ અન્વયે મળેલ વિવેકાધીન સતાનો ઉપયોગ કરી આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાનુ ન્યાયી અને ઉચિત જણાતુ ન હોવાથી આરોપીની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવાના નિર્ણય ઉપર આવી હું નીચે મુજબનો હુકમ કરુ છુ.

// હુ ક મ //

૧. આરોપીની રેગ્યુલર જામીન અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૭મી માહે નવેમ્બર સને ૨૦૨૨ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૭/૧૧/૨૦૨૨
મું. ધ્રાંગધ્રા.

(ગિરીશકુમાર દેવરાજ પાસી )
યુ.આઈ.સી. જીજે ૦૦૫૦૭,
ત્રીજા એડી. સેશન્સ જજ,
ધ્રાંગધ્રા.